# સિદ્ધાચલ ના દુહા

સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર

મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર

સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગીરનાર

શેત્રુંજય નદી નાહ્યો નહી,એનો એળે ગયો અવતાર

શેત્રુંજય નદી નાહી ને,મુખ બાંધી મુખ કોશ

દેવ યુગાદી પૂજીએ, આણી મન સંતોષ

એકેકું ડગલું ભરે, શત્રુંજય સમો જેહ

ઋષભ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ

શત્રુંજય સમો તીરથ નહિ, ઋષભ સમો  નહિ દેવ

ગૌતમ સરીખા ગુરુ નહિ, વળી વળી વંદુ તેહ

જગ માં તીરથ દો વડા, શત્રુંજય ગીરનાર

એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર

સિદ્ધાચલ સીદ્ધી વર્યા, મુનિવર કોડી અનંત

આગે અનંત સિદ્ધશે,  પૂજો  ભવિ  ભગવંત

શત્રુંજય ગિરિ  મંડણો,  મરુદેવાનો નંદ

યુગલા ધર્મ નિવારકો, નમો યુગાદિ જીણંદ

તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખ ભોગ

વળી વળી એ ગિરિ વંદતા, શિવરમણી સંયોગ

2016-02-20 - https://www.youtube.com/watch?v=z46wvQj-O40